# અરવલ્લીમાં ગરબાની રમઝટ જામશે

## ખેલૈયાઓની આતુરતાનો અંત મંગળવારથી નવરાત્રીનો શુભારંભ : આરાધના સાથે પૂજા-અર્ચના

### જિલ્લામાં રાસ-ગરબા પાર્ટી અને ડીજે યુગમાં પણ નવરાત્રીમાં દેશી વાજીંત્રોની બોલબોલા



જિલ્લાના પાર્ટી પ્લોટ, શેરી, મહોલ્લા જાહેર સ્થળોએ આધુનિક સાઉન્ડ સીસ્ટમ દ્વારા નવરાત્રી મનાવવામાં આવે છે. હાલની આધુનિક સિસ્ટમ વચ્ચે પણ દેશી વાજીંત્રોએ પોતાનુ સ્થાન જાળવી રાખ્યું છે. જિલ્લામાં ડી.જે.ના આધુનિક યુગમાં પણ પારંપરિક ઢોલ-નગારાની નવરાત્રી પર્વેમાં માંગ વધી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગવાતી ગરબીમાં ઢોલ, નગારા, તબલા, ત્રાંસા, હારમોનિયમ, ખંજરી, ઘૂઘરા જેવા દેશી વાજીંત્રો સાથે ગરબી રમવા માઈભક્તો અને મહિલાઓ જોવા મળે છે. જેના લીધે વાજીંત્રોની બોલબાલા વધી છે.

મોડાસા, તા. ૧૨

નવરાત્રી એટલે આદ્યશક્તિ મા ની આરાધના કરવાનો દિવસ. માતાજીના આ નવલા નવ નોરતામાં ભક્તિ, શક્તિ અને આરાધનાના મહાપર્વના નવ દિવસ લગલગાટ ઉપાસના વ્રત સાથે માતાજીના પૂજા, પાઠ, યજ્ઞ, હવન તથા મહાશક્તિ મા અંબાની અનુષ્ઠાનો ઘેર-ઘેર, શેરીએ શેરીએ અને જાહેર સ્થળોએ માતાજીના ગરબો ગાતા અને રમતા નવલા નોરતા ભક્તિભાવથી ઉજવાશે.



અરવલ્લી જિલ્લાના ખેલૈયાઓ પણ નવરાત્રીની આતુરતાથી રાહ જોતા હોય છે ત્યારે આવતીકાલથી નવલા નોરતા ચાલુ થતા હોવાથી યુવાનો અને યુવતિઓ અને અબાલ વૃદ્ધ સૌ કોઈ માના ગરબા રમવા અધીરા થયા છે. મોડાસા શહેર અને અરવલ્લી જિલ્લામાં નવરાત્રીના મહોત્સવ માટે વિવિધ યુવક મંડળો દ્વારા તડામાર તૈયારીઓ આટોપી લેવાઈ છે. જિલ્લાના ગામડાઓમાં ગામના ચોકમાં ખુબ શાંતિમય માહોલમાં અને વચ્ચે ગરબી અને તેમાં દીવડો પ્રગટાવી ગવાતા ગરબા હજુ પણ જીવંત છે. જિલ્લાના શહેરો અને ગામડાઓમાં યુવાધન સંગીતપાર્ટીઓ અને ડી.જે.ના તાલે ગરબા ગાવા અધીરા બન્યા છે.

મોડાસા શહેરના કલ્યાણ સોસાયટી દ્વારા હનુમાન ચોકમાં અરવલ્લી યુવક મંડળ દ્વારા રામપાર્ક સોસાયટી ચોકમાં અને ઉમીયા માતા યુવક મંડળ દ્વારા સહકારી જીનના મેદાનમાં, સગરવાડા, ગાંધીવાડા, સોનીવાડા, બુટાલવાડા, કુંભારવાડા વિસ્તારોમાં નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લો અને મોડાસા શહેરમાં નવરાત્રી મહોત્સવમાં લાઈટની ઝાકમઝોળથી જગમગી ઉઠશે તેમજ રાત્રીનો નજારો અદ્‌ભૂત બની રહેશે. નવરાત્રીમાં પર્વના લીધે ઠેર ઠેર ચા નાસ્તા અને ફાસ્ટફૂડના સ્ટોલ ધમધમી ઉઠશે.

### અરવલ્લી જિલ્લામાં પ્રજાપતિ ભાઈઓ દ્વારા અવનવા આકર્ષક ગરબાનુ (માટીના) નિર્માણ



જિલ્લામાં શહેરો અને ગામડાઓમાં મા અંબેની આરાધના અને શક્તિની ઉપાસનાના પર્વ નવરાત્રી મહોત્સવની ધામધૂમથી ઉજવણી થાય છે. જિલ્લાના કેટલાક ગામડાઓમાં વીજળી પહોંચી નથી ત્યાં પણ માતાજીની ગરબા ગવાતા હોય છે. માઈભક્તો અને ગ્રામજનોમાં માટીના ગરબાનું અનેરૂ મહત્વ હોય છે. અને જિલ્લાના શહેરો અને ગામડાઓમાં પ્રજાપતિ ભાઈઓ દ્વારા ઘર આંગણે માટીને આકાર આપી કલાત્મક આકર્ષક અને રંગબેરંગી કલર પુરી કલાત્મક ગરબા તૈયાર કરાયા છે. માઈભક્તો દ્વારા માટીના ગરબા ખરીદવા નવરાત્રી પર્વમાં ઉમટી પડે છે.

# મોડાસાની સાર્વજનિક હોસ્પિટલના કર્મચારીઓએ પગાર મેળવવા રેલી યોજી આવેદનપત્ર આપ્યું

## આવનારા દિવસોમાં પગાર નહીં ચૂકવાય તો હડતાલની ચીમકી

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાની સૌથી મોટી સાર્વજનીક હોસ્પિટલના તમામ કર્મચારીઓનો છેલ્લા ૪ માસથી પગાર ન થતા કર્મચારીઓની હાલત કફોડી બની ગઈ છે ત્યારે ટ્રસ્ટ દ્વારા સંચાલીત આ હોસ્પિટલને સરકારમાંથી મળતી ગ્રાન્ટ ન મળતા પગાર ચૂકવાયો ન હોવાનું ટ્રસ્ટીઓ જણાવી રહ્યા છે. જો આવનાર દિવસોમાં પગાર નહીં ચૂકવાય તો હડતાલનું શસ્ત્ર ઉગમવાની ચીમકી કર્મચારીઓ ઉચ્ચારી રહ્યા છે.

મોડાસા સાર્વજનીક હોસ્પિટલના તમામ વર્ગના કર્મચારીઓ છેલ્લા ૪ માસથી પગાર ન થતા આર્થિક વ્યવહાર સાચવવામાં મુશ્કેલી પડી રહી છે. સાથે સાથે શાળાઓમાં કર્મચારીઓના બાળકોનો અભ્યાસ માટે ભરવી પડી ફી ક્યાંથી લાવવી તે યશ પ્રશ્ન છે. હોસ્પિટલના ૮૦ કર્મચારીઓનો પગાર સત્વરે કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં કર્મચારીઓ હડતાલ પર ઉતરવાની કર્મચારીઓ તૈયારી કરી રહ્યા છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા આ મામલે સત્વરે ગ્રાન્ટ ચુકવી દેવાઈ તેવી માંગ કર્મચારીઓ દ્વારા કરાઈ રહી છે.




આ વાતને લઈને આજરોજ સાર્વજનીક હોસ્પિટલના તમામ કર્મચારીઓ બેનરો સાથે રેલી યોજી હતી અને કલેકટરને આવેદન પત્ર આપ્યુ હતુ. ત્યારે ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ હોસ્પિટલને સરકારમાંથી મળતી ગ્રાન્ટ ન મળતા પગાર ચુકવાયો ન હોવાનું ટ્રસ્ટીઓ જણાવી રહ્યા છે. મોડાસા સાર્વજનીક હોસ્પિટલમાં પગારનો મુદ્દો વારંવાર ઉભો થાય છે અને પગાર ગ્રાન્ટ આવતા ચૂકવાતો નથી. જેથી આ તમામ કર્મચારીઓની હાલત કફોડી બને છે. જેથી સમયસર આ લોકોને પગાર ચુકવવામાં આવે તેવી માંગ કરાઈ રહી છે.

# મહેસાણામાં શક્તિ ઉપાસનાના પર્વ નવલી નવરાત્રીનો પ્રારંભ

ઊંઝા, તા. ૧૨

નવરાત્રી એટલે નવરાત્રીનો સમૂહ આ દિવસો અને રાત્રીઓમાં દૈવીશક્તિ, નવદૂર્ગાની પૂજા અર્ચના, ભક્તિ થાય છે. જેથી ગુજરાતમાં આસો સુદ-૧ થી ૯ સુધીના શક્તિ ઉપાસનાના પર્વ નવરાત્રીનું મહાત્મ્ય વિશેષ હોઈ નવે નવ દિવસ આ તહેવાર ઉત્સાહ ઉમંગ અને ભક્તિ ભાવપૂર્વક હોંશે હોંશે દેશભરમાં ઉજવાયછે. ગુજરાત મહારાષ્ટ્ર, બંગાળમાં નવરાત્રીનું ખાસ મહત્વ છે. પરંતુ વિદેશમાં વસતા ગુજરાતીઓ પણ નવરાત્રી પર્વની ઉજવણી કરે છે.

આદ્યશક્તિ મા અંબા, બહુચર, ચામુંડા, દુર્ગા, કાળી કાળી ખોડીયાર, ભદ્રકાળી, બ્રહ્માણી, આશાપુરી, અન્નપૂર્ણા, બુટભવાની, માતંગી, ભુવનેશ્વરી, માત્ ભવાની, ભવાની, મેલડી, ઉમિયા, હરસિદ્ધિ, સંતોષી, અનસૂયા, સરસ્વતી, લક્ષ્મી, ગંગા, ગાયત્રી, વાઘેશ્વરી, નર્મદા, કનકેશ્વરી, જોગેશ્વરી, હિંગળાજ, ચેહર, અર્બુદા વગેરે અનેક દેવીઓની સ્તુતિ, પ્રાર્થના, આરાધના કરવામાં આવે છે.

નવરાત્રીના પ્રારંભ પહેલાં ઠેર ઠેર નાની મટુકી કે ઘડા, ઘડુલીઓ વેચાય છે. આમાં નાના છિદ્રો હોય છે. અને તે અલૌકિક સ્થાન ધરાવે છે. આમાં ધર્મનું આરોપણ થાય છે. તેમાં માતાજી મા શક્તિ બિરાજે છે. જે હાજરા હાજૂર છે તેવો ભાવ ભાવિકોના મનમાં પ્રગટ થાય છે. આ ગરબામાં દિવડો મુકવામાં આવે છે. અને એક જ જગ્યાએ મુકી નવ દિવસ સુધી તેની ઉપાસના કરાય છે. સવારે અને સાંજે માતાજીની આરતી ઉતારવામાં આવે છે. માતાજીના મંદિરોને રોશનીથી શણગારાય છે. માની મૂર્તિને રોજ નવા વસ્ત્રો, આભુષણો પહેરાવાય છે. તેમજ સવારી પણ બદલાય છે. પોળો, મહોલ્લા, શેરીઓમાં ગરબાના પ્રતિકરૂપે માંડવી કાઢવામાં આવે છે. મંદિરોમાં રોજ ફૂલો, અગરબત્તી, ધૂપ, અત્તર, દિપમાળા વગેરેથી પવિત્રતા વધારાય છે.

જો કે હવે વર્તમાન આધુનિક યુગમાં ગરબાઓ આધુનિક બની ગયા છે. જેથી શેરી, મહોલ્લા કે પોળોના ગરબા સામાન્ય બની ગયા છે. ગરબા, માંડવીઓના મોટાપાયે આયોજનો થવા માંડ્યા છે. જાણીતા કલાકારો, ગાયકો, વાદ્યવૃંદોની બોલબાલા વધી જવા પામી છે. આની પાછળ મોંઘાદાટ ખર્ચાઓ થાય છે. ટુંકમાં પ્રાચિન ગરબાએ આધુનિક સ્વરૂપ ધારણ કરી લીધુ છે. અસલ ભક્તિ જાણે લુપ્ત થઈ રહી હોય તેમ જણાયછે. ગરબા ગાવાનો જૂના ઢાળનું ફિલ્મી ઢાળમાં પરિવર્તન થયું છે. સંગીત પણ દેશીમાંથી આધુનિક બની ગયું છે. અસલ ગરબા જોવા મળતા નથી. માતાજીની ભક્તિના નામે કેવળ મોજ મસ્તી થઈ ગઈ હોવાનું ચર્ચાય છે.

### મેઘરજ જલારામ હોસ્પિટલ ખાતે મફત સારવાર કેમ્પ

મેઘરજ જલારામ હોસ્પિટલ દ્વારા ૧૮-૧૦-૧૫ રવિવારે પ્લાસ્ટિક સર્જન ડૉ. ગોપાલ ક્રિષ્ના ગ્લોબલ હોસ્પિટલ માઉન્ટ આબુવાળા ડૉ. શરદ મહેતાના સહયોગથી ઓપરેશન મફત થનાર હોવાથી લાભાર્થીએ લાભ લેવા મેઘરજ જલારામ હોસ્પિટલમાં સવારે ૯ વાગે જવા જણાવવામાં આવે છે. નામ નોંધાવવા ૦૭૬૯૮ ૬૯૨૯૩૧ પર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.



અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ દ્વારા આજે મોડાસા સર્કીટ હાઉસ ખાતે ૧૨૫મી નહેરુ અને આંબેડકર જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જીલ્લાભરમાંથી કોંગ્રેસના કાર્યકર્તાઓ તથા મહિલાઓ હાજર રહી હતી અને આ ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરી હતી. જ્યારે આ પ્રસંગે મંચસ્ત મહેમાનોએ કહ્યુ હતુ કે નહેરુ અને આંબેડકરની વિચારધારા ઉપર ચાલનાર વ્યકિત કોઈ દિવસ દુઃખી થતો નથી અને આવા મોટા લોકોના વિચારો અપનાવવા જોઈએ અને તેમના વિચારો પર ચાલવું જોઈએ અને આવનારા દિવસોમાં યોજાનાર ચુંટણીની તૈયારીમાં લાગી જવા આહ્વાન કર્યું હતુ અને આ પ્રસંગે જીલ્લા પ્રમુખ અને ધારાસભ્ય અને જીલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા હાજર રહ્યા હતા.

### ગુજરાત પ્રદેશ કિસાન સંઘના પ્રતિનિધિઓની વરણી

ઈસરી, તા. ૧૨

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ પ્રતિનિધિ સભા જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના પરબધામ (પરબવાવડી) મુકામે યોજાઈ હતી. જેમાં ખેડૂતોનું પ્રતિનિધિત્વ કરતા સક્રિય પ્રમુખ તરીકે મગનભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. મંત્રી જૂનાગઢ જિલ્લાના ભીખાભાઈ દુધાત્રાની વરણી થયેલ કોષાધ્યક્ષ તરીકે રમણભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે અને મગનભાઈ પટેલે સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપી હતી.

દરેક ખેતરને સમાન સીંચાઈ દરથી પાણી મળે, ખેડૂતોને ૧ ટકા વ્યાજથી ધીરાણ મળે, ખેતીના પાકને નુકશાન કરતા વન્ય પ્રાણીઓ ભૂંડ, રોજ, હરણ, ડુક્કરથી ખેતીનું ભેલાણ અને તે માટે રક્ષણ મળે તેવા ઠરાવો કરવામાં આવ્યા હતા. જે ઠરાવોની નકલ સરકારશ્રીમાં મોકલી આપેલ છે. હાલ ખેડૂતોમાં હતાશા નિરાશા છે જેના પ્રશ્નો ઉકેલાય તો ખેડૂત સક્રિય બનશે અને સૌનો સાથ-સહકાર પરસ્પર મળશે તેવા ઠરાવો કરવામાં આવ્યા હતા.

### શરણમ સોસાયટીમાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ શરણમ સોસાયટીમાં રહેતા ધીરજકુમાર કાનજીભાઈ રાઠોડના બાઈક નં. જીજે-૦૯.એકે.૨૬૮૫ની શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ ઘર આગળથી ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ધીરજકુમારે બાઈકની તપાસ કરવા છતાં કોઈ પત્તો મળ્યો ન હતો.




મોડાસા તાલુકાના જુના વડવાસા ગામની પ્રાથમિક શાળામાં રવિવારે જેસીઆઈ મોડાસા અને મારૂતિ વિકાસ મંડળના સહયોગથી ત્રિવેણી સેવાયજ્ઞ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ડૉ. જેપારકર દ્વારા જુના વડવાસા અને નવા વડવાસા ગામના ૧૪૫થી વધારે લોકોને સારવાર આપી નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી હતી. ૧૧૫ જેટલી બન્ને ગામની મહિલાઓને સાડી વિતરણ કરવામાં આવ્યું હતું. વ્યસનમુક્તિ અંતર્ગત ડૉ. મહેન્દ્રસીંહ ચૌહાણ, ડૉ. સંતોષ દેવકર, નિલેષભાઈ જોષી દ્વારા ગામના વડીલો, યુવાનો, મહિલાઓ અને બાળકોને વ્યસનથી થતા નુકશાન અને વ્યસનમુક્તિ અને વ્યસન અંગે જાગૃતિ માટે વક્તવ્ય દ્વારા સમજ આપી હતી. મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોરે ગ્રામજનોને બાળકોના ભણતર, કુપોષણ અને સમાજમાં ફેલાયેલી બદીઓ નાબુદ કરવા ઉપર ભાર મુક્યો હતો. આ સેવાયજ્ઞમાં મારૂતિ વિકાસ મંડળના સદસ્યો અને જેસીઆઈ ટીમના સદસ્યો હાજર રહ્યા હતા. ડૉ. ઝાલા દ્વારા ગ્રામજનોની આંખની તપાસ કરી હતી.



સોમવારે પિતૃપક્ષનો સૌથી મહત્વનો દિવસ એટલે સર્વે પિતૃ અમાસ અને સાથે જ સોમવારે અમાસ હોવાથી સોમાવતી અમાસનો અનોખો સંયોગ જોવા મળ્યો હતો. અમાસને સર્વે પિતૃ શ્રાદ્ધ તરીકે શાસ્ત્રમાં સ્થાન મળ્યું છે. આ વર્ષે સોમાવતી અમાવસ્યા અને સર્વે પિતૃ શ્રાધ્ધના સુયોગ રચાયો છે. ત્યારે જિલ્લાના મહિલાઓએ પતિના આયુષ્ય અને સુખાકારી માટે પીપળાનુ ઠેર ઠેર પૂજન કરતી નજરે ચડતી હતી. જ્યારે પુરૂષો દ્વારા પિતૃઓના મોક્ષાર્થે પિતૃતર્પણ અને દાન કરવામાં આવ્યું હતું. ઓધારી માતાના મંદિરે આજે વહેલી સવારથી મોડાસા શહેરની મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી પડી પતિના દિર્ઘાયુની કામના સાથે ઉપવાસ રાખી પિપળાનુ પૂજન કરવા ઉમટી પડી હતી. સાંઈ મંદિરના શાસ્ત્રી અને પુજારી ભોલા મહારાજે જણાવ્યુ હતુ કે સોમાવતી અમાસ અને પિતૃ અમાસ છેલ્લા ૩૦ વર્ષમાં આ સંયોગ સાત વખત રચાયો છે. હવે પછી આ યોગ ૧૩ વર્ષ બાદ ૨૦૨૮માં રચાશે.

### પ્રાંતિજ તાલુકામાં બેવડી ઋતુથી વાઈરલ દર્દીઓમાં વધારો

#### શરીરના દુઃખાવા, શરદી, ઉધરસના કેસોમાં વધારો

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં હાલ બેવડી ઋતુના કારણે એકાએક વાઈરલ કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે અને સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની ભીડ જોવા મળે છે.

શરદી ઉદરસ અને તાવના કેસોમાં વધારો થતાં આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા લોકમાંગણી ઉઠવા પામી છે. જ્યારે હાલ જિલ્લામાં બેવડી ઋતુના કારણે વાઈરલ વાવડ ફેલાયો છે અને લોકો બેવડી ઋતુના કારણે દવાખાનામાં સારવાર લેવા જતા જોવા મળે છે. જ્યારે ઋતુ પરિવર્તન થતાં લોકો શરીરના દુઃખાવા, શરદી, ઉધરસ અને તાવ જેવી બિમારીમાં સપડાઈ રહ્યા છે અને ઘરે ઘરે હાલ શરદી-ઉધરસ માથું દુઃખાવાના કેસો મળી રહે છે ત્યારે હાલ ગરમીનું પ્રમાણ વધતા લોકો ઉનાળાનો અહેસાસ કરી રહ્યા છે. આમજ ગરમી પડશે તો આગામી દિવસોમાં પણ વાઈરલ તાવના દર્દીઓમાં વધારો થશે તેવી ચર્ચાઓ ચર્ચાઈ રહી છે.

# પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ની મનમાની

## પી.એસ.ઓ. ગુનાહિત સમાચારો સંતાડી ગુનેગારોને છાવરે છે : પત્રકારો

## ફોન કરે છે ને તરત જ સબ ખેરિયત હે ની કેસેટ રીપીટ થાય છે

પ્રાંતિજ, તા. ૧૨

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. રાજ નહી પણ પીએસઓ રાજ હોય તેવું જણાઈ આવે છે. હાઈવે ઉપર બનતી ઘટના કે અકસ્માત કે ગુનાહિત પ્રવૃત્તિઓ જેવી ઘટનાઓ પત્રકારોથી છુપાવીને વિવિધ ગુનેગારોને છાવરતા હોય તેવું લાગી રહ્યું છે.

પ્રાંતિજ તથા તાલુકામાંથી વિવિધ દૈનિક પેપરમાં કામ કરતાં પત્રકારો દ્વારા રોજીંદા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણથી ચારવાર ફોન કરી સમાચાર અંગે કે કોઈ નવીન ઘટના અંગે પુછપરછ કરતા હોય છે. પણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પીએસઓ મહાશય દ્વારા જ્યારે હોય ત્યારે કઈ બન્યું નથી, કંઈજ રંધાયુ નથી, કંઈજ જાણવા જોગ નથીની રોજ એકજ કેસેટ વાગ્યા કરે છે. બસ સબ ખેરીયત છે જ્યારે આની પાછળ જાણે કોઈ મોટી ગુનાહિત ઘટનાઓને




છુપાવતા હોય કે ગુગારોને છાવરતા હોય તેવું જણાઈ આવે છે ત્યારે આ બાબતે અનેકવાર પ્રાંતિજ તાલુકા પત્રકારો એસોસિએશન દ્વારા અનેકવાર પ્રાંતિજ પી.આઈ. ભરત પટેલને અનેકવાર રજુઆતો કરવા છતાં તથા પત્રકારોની હાજરીમાં પીએસઓને સુચનાઓ આપવા છતાં કોઈ ફરક પડ્યો નથી જેથી પ્રાતંજ પી.આઈ. સહિત ઉચ્ચ અધિકારીઓને પણ પ્રાંતિજના પીએસઓ ગણતા ના હોય તેવું લાગી રહ્યું છે અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં ગુનેગારોના સમાચાર નહી આપી વિવિધ ગુગારોને છાવરતા હોય તેવું લાગી રહ્યું છે.

# ભાજપ શાસિત રાવ તાલુકા પંચાયત કોંગ્રેસે છીનવી

પાલનપુર, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો ભવ્ય વિજય થયો હતો. જેમાં પ્રમુખ પદે શારદાબેન અને ઉપપ્રમુખ પદે મેવાજીભાઈ ઠાકોર ચૂંટાયેલા જાહેર થયા હતા.

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાની વાવ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. ભાજપા શાસિત તાલુકા પંચાયત હવે કોંગ્રેસે છીનવી લીધી છે. વાવ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો વિજય થતા પ્રમુખ પદે શારદાબેન અને ઉપ પ્રમુખ પદે મેવાજીભાઈ ઠાકોર ચૂંટાઈ આવ્યા હતા. કોંગ્રેસ પક્ષના વિજય બદલ ચૂંટાયેલા સભ્યોને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, વિભાગીય પ્રભારી લાખાભાઈ ભરવાડ, જિલ્લા નિરીક્ષક મહેન્દ્રસિંહ બારૈયાએ અભિનંદન પાઠવ્યા હતા.